પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુરમાં પ્રકાશિત થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૫૬ કુલ પાના : ૪ તારીખ : ૨૬-૧૦-૨૦૨૬ સોમવાર કિંમત રૂ.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તળાવ રોડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે HI લખી મેસેજ કરો. મો.૭૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ પર સવાલ: રાહુલ ગાંધીના સત્યાગ્રહ પોર્ટલ પર રોજ ૫૭ ફરિયાદો

ગુજરાતમાં સરકારી શાળાઓમાં પ્રવેશ અને ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી માટે મંજૂરી ફરજિયાત બનાવતા શિક્ષણ વિભાગના પરિપત્રથી રાજકીય વિવાદ ઊભો થયો છે. બીજી તરફ, વિધાનસભામાં રજૂ થયેલા આંકડાઓ મુજબ રાજ્યની સરકારી શાળાઓમાં હજારો વર્ગખંડોની અછત છે. આ દરમિયાન રાહુલ ગાંધીના સત્યાગ્રહ પોર્ટલપર ગુજરાતમાંથી ૨૦ દિવસમાં ૧,૧૪૪ ફરિયાદો નોંધાઈ છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ ભ્રષ્ટાચાર અને શિક્ષણ સંબંધિત સમસ્યાઓ ફરિયાદોના મુખ્ય મુદ્દા છે, જ્યારે ભાજપે પોર્ટલ પરના દાવાઓની વિશ્વસનીયતા સામે સવાલ ઉઠાવ્યા છે.

ગુજરાતના શિક્ષણ વિભાગે ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બહાર પાડેલા પરિપત્ર મુજબ સરકારી શાળામાં પ્રવેશવા માટે આચાર્યની પૂર્વમંજૂરી લેવાની રહેશે. વિદ્યાર્થીઓના ફોટોગ્રાફસ લેવા, વીડિયો બનાવવા, ઓડિયો રેકોર્ડિંગ કરવા અને લાઈવ સ્ટ્રીમિંગ માટે પણ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી છે.પરિપત્રમાં નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે પોક્સો સહિતની કાયદાકીય કાર્યવાહીનો ઉલ્લેખ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વિપક્ષે સવાલ ઉઠાવ્યો છે કે શાળામાં મંજૂરી વિના પ્રવેશવાના કિસ્સામાં પોક્સો કાયદાનો ઉલ્લેખ કયા સંદર્ભમાં કરવામાં આવ્યો છે. કાયદાકીય નિષ્ણાતોએ પણ આ જોગવાઈના અર્થ અને અમલીકરણ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો દાવો છે કે આ નિર્ણયથી સરકારી શાળાઓની વાસ્તવિક સ્થિતિ બહાર આવતી અટકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જોકે, આ અંગે સરકારનો સત્તાવાર ખુલાસો અને પરિપત્રની ચોક્કસ કાયદાકીય જોગવાઈઓ તપાસવી જરૂરી છે.

સરકારી શાળાઓની સ્થિતિ અંગે વિધાનસભામાં રજૂ થયેલા આંકડા પણ ચર્ચામાં છે. માર્ચ ૨૦૨૬માં પૂછાયેલા પ્રશ્નના જવાબ મુજબ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૮,૫૮૬ અને સરકારી માધ્યમિક શાળાઓમાં ૮૫૬ વર્ગખંડોની અછત હતી. બંને આંકડા મળીને કુલ ૯,૪૪૨ વર્ગખંડોની અછત દર્શાવે છે.

પ્રાથમિક શાળાઓમાં સૌથી વધુ ૧,૧૪૦ વર્ગખંડોની અછત બનાસકાંઠા જિલ્લામાં હોવાનું જણાવાયું હતું. આ ઉપરાંત, માર્ચ ૨૦૨૫માં વિધાનસભામાં રજૂ થયેલી માહિતી અનુસાર રાજ્યની ૩૨૭ સરકારી પ્રાથમિક શાળાઓ માત્ર એક વર્ગખંડ સાથે કાર્યરત હતી. આ માહિતી શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નના જવાબમાં આપી હતી.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લોકોની સમસ્યાઓ અને જનઆંદોલનના મુદ્દાઓ એકત્ર કરવા માટે ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સત્યાગ્રહ પોર્ટલ શરૂ કર્યું હતું. આ પોર્ટલ પર લોકો પોતાની સમસ્યાઓ સાથે ફોટો અને વીડિયો પણ રજૂ કરી શકે છે.૨૩ ઓક્ટોબર સુધીના જણાવાયેલા આંકડા પ્રમાણે દેશભરમાંથી પોર્ટલ પર ૩૬,૫૨૩ ફરિયાદો નોંધાઈ હતી. તેમાંથી ગુજરાતની ૧,૧૪૪ ફરિયાદો હતી. એટલે કે ૨૦ દિવસના સમયગાળાને આધારે ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૫૭ જેટલી ફરિયાદો નોંધાઈ હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાના જણાવ્યા મુજબ ભ્રષ્ટાચાર પછી શિક્ષણનો મુદ્દો ફરિયાદોમાં મોખરે છે. મહિલા સુરક્ષા, જમીન અધિકાર અને શ્રમિકોના અધિકારો જેવા મુદ્દાઓને લઈને પણ લોકો પોતાની સમસ્યાઓ રજૂ કરી રહ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે રાજ્યના તમામ જિલ્લાઓમાંથી ફરિયાદો મળી છે.ગ્રાન્ટેડ શાળાઓ છે. આ ઉપરાંત ૧,૦૯૯ આશ્રમ શાળાઓ અને ૧૩ હજારથી વધુ ખાનગી શાળાઓ છે. પક્ષે રજૂ કરેલા આંકડા મુજબ રાજ્યમાં કુલ ૫૩,૨૭૨ પ્રાથમિક શાળાઓ અને ૫૧,૩૦,૭૬૪ વિદ્યાર્થીઓ સામે ૧,૮૪,૩૭૩ શિક્ષકો છે.

## ઓનલાઈન ઓર્ડરમાં ગ્રાહકો સાથે છેતરપિંડી, એમેઝોન પાર્સલ કૌભાંડમાં ૩ની ધરપકડ




સુરત

સુરતમાં ઓનલાઈન શોપિંગ કંપની એમેઝોનનાં પાર્સલમાંથી અસલ માલ કાઢીને તેની જગ્યાએ વેસ્ટેજ અને નકામાં કપડાં ભરી ગ્રાહકોને મોકલવાના કથિત કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, પાર્સલ પીક-અપનું કામ કરતો એક કર્મચારી અસલ કપડાં કાઢી લેતો હતો અને તે સામાન પોતાના મિત્રને વેચી દેતો હતો. ત્યાર બાદ મિત્ર અને તેની પત્ની આ માલનું વેચાણ કરતા હોવાનો આરોપ છે. આ કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે અને કુલ રૂ.૪.૯૩ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસ મુજબ, આ કથિત કૌભાંડમાં નરેશ વિજયભાઈ બાવિષ્કર નામનો શખ્સ સામેલ હતો, જે એમેઝોન કંપનીનાં પાર્સલ પીક-અપનું કામ કરતો હતો. આરોપ છે કે તે પાર્સલમાંથી અસલ અને કિંમતી કપડાં કાઢી લેતો હતો અને તેની જગ્યાએ વેસ્ટેજ તથા નકામાં કપડાં ભરી દેતો હતો. ત્યાર બાદ આ પાર્સલ ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવતાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર, પાર્સલમાંથી કાઢેલો અસલ માલ નરેશ પોતાના મિત્ર રવિ સંતોષ જૈસ્વાલને વેચી દેતો હતો. રવિ પણ એમેઝોન કંપનીમાં ટેમ્પો ચલાવવાનું કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

આ કેસમાં રવિ અને તેની પત્ની કાવ્યાની પણ સંડોવણી સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બંને કથિત રીતે ચોરીનો માલ સુરતના વેસુ વિસ્તારમાં સિદ્ધિવિનાયક મંદિર પાસે ભરાતી બુધવારી બજારમાં વેચતાં હતાં. આ માલના વેચાણ માટે જરૂરી આધાર-પુરાવા ન હોવાનો પણ આરોપ છે.

પોલીસને આ મામલે બાતમી મળ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પાર્સલમાંથી અસલ સામાન કાઢવાની અને તેને અન્ય જગ્યાએ વેચવાની કથિત મોડસ ઓપરેન્ડી સામે આવી હતી. ત્યાર બાદ પોલીસે કાર્યવાહી કરીને ત્રણેય આરોપીઓને ઝડપી લીધા હતા.

પોલીસે આ કેસમાં નરેશ બાવિષ્કર (ઉંમર ૩૭ વર્ષ), રવિ સંતોષ જૈસ્વાલ (ઉંમર ૨૧ વર્ષ) અને તેની પત્ની કાવ્યા (ઉંમર ૧૯ વર્ષ)ની ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓ સુરતના ભેસ્તાન વિસ્તારના રહેવાસી હોવાનું જણાવાયું છે.

પોલીસે કાર્યવાહી દરમિયાન કુલ રૂ.૪,૯૩,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમાં વિવિધ કંપનીઓની લેડીઝ કુર્તીઓ, દુપટ્ટા, પેન્ટ, સાડીઓ, લેગિંગ્સ સહિતનાં કપડાંનો સમાવેશ થાય છે.

આ મામલે સચિન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં અને પાર્સલમાંથી કેટલા સમયથી આ રીતે માલ કાઢવામાં આવતો હતો તે સહિતનાં પાસાંઓ પર વધુ તપાસ હાથ ધરી છે. આરોપીઓ સામેના આક્ષેપો અંગે અંતિમ નિર્ણય કોર્ટની કાર્યવાહી બાદ જ થશે.

## ઓડિશામાં ચક્રવાતની તૈયારી, ૯૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી ચેતવણી, શાળાઓ અને કોલેજો બંધ



ભુવનેશ્વર

ચક્રવાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ઓડિશામાં તૈયારીઓ તીવ્ર બનાવી છે. ચક્રવાતનો સામનો કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરવા માટે મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જાહેર સેવા ભવનમાં અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. સરકારનું લક્ષ્ય આ વખતે પણ જાનમાલનું નુકસાન શૂન્ય રાખવાનું છે.

માહિતી મુજબ, ૨૮ ઓક્ટોબરે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશા વચ્ચેના દરિયાકાંઠે ચક્રવાત ત્રાટકવાની ધારણા છે. જોકે, તે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે પહોંચવાની શક્યતા વધારે છે. ચક્રવાતની અસરથી ઓડિશાના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ અને ૮૦ થી ૯૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

ચક્રવાતના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને, ૨૮ અને ૨૯ ઓક્ટોબરે ગંજમ, ગજપતિ, રાયગડા, કોરાપુટ અને મલકાનગિરી જિલ્લામાં શાળાઓ, કોલેજો અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અન્ય જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો નિર્ણય ત્યાંની પરિસ્થિતિના આધારે સંબંધિત જિલ્લા કલેક્ટરો દ્વારા લેવામાં આવશે. દક્ષિણ ઓડિશા જિલ્લાઓમાં ભારે વરસાદ અને ભારે પવન વધુ ગંભીર હોવાની ધારણા છે. દરિયાકાંઠાના જિલ્લાઓમાં પણ વરસાદ પડી શકે છે.

સંભવિત આપત્તિનો સામનો કરવા માટે રાજ્ય સરકારે રાહત અને બચાવ ટીમો તૈયાર કરી છે. ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સની આશરે ૬૦ ટીમો, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૧૭ ટીમો અને ૨૨૫ ફાયર સર્વિસ ટીમો એલર્ટ પર છે. લોકોને બહાર કાઢવા માટે ચક્રવાત અને પૂર આશ્રયસ્થાનો તૈયાર કરવામાં આવ્યા છે. દર્દીઓ અને સગર્ભા સ્ત્રીઓને આરોગ્ય કેન્દ્રોમાં સમયસર પરિવહન સુનિશ્ચિત કરવા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રોને સાપના ઝેર વિરોધી ઈન્જેક્શન, આવશ્યક દવાઓ અને સર્પદંશની સારવાર માટે તબીબી કીટનો સ્ટોક રાખવા સૂચના આપવામાં આવી છે. સંબંધિત વિભાગોને રસ્તાઓ પરથી પડી ગયેલા વૃક્ષો તાત્કાલિક દૂર કરવા અને વીજળી સહિતની આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. જેમ જેમ લણણીની મોસમ નજીક આવશે, ખેડૂતોને તેમના પાકની સુરક્ષિત લણણી અને સંગ્રહ વિશે પણ શિક્ષિત કરવામાં આવશે.

રાજ્ય સરકારે તમામ સંબંધિત વિભાગોને લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અને સંભવિત ચક્રવાત દરમિયાન નુકસાન ઘટાડવા માટે સંકલનમાં કામ કરવા નિર્દેશ આપ્યો છે.

## વાપીમાં નશાના મોટા રેકેટનો પર્દાફાશ: ૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, ૩ આરોપીઓની ધરપકડ

વાપી

ઔદ્યોગિક નગરી વાપીમાં એક મસ મોટા નશાના રેકેટનો પર્દાફાશ થયો છે. વલસાડ જિલ્લા અને એસ.જી પોલીસ સહિત ડુંગરા પોલીસની આ કાર્યવાહીમાં જુદા જુદા ત્રણ કેસોમાં અંદાજે ૧૩.૮૯ કરોડથી વધુ ની કિંમત નો નશાનો સામાન ઝડપાયો છે. વલસાડ જિલ્લા જીઁની ટીમે જુદી જુદી ત્રણ જગ્યાએ કરેલી રેડમાં નશીલો પદાર્થ અને કરોડોનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે ૨૫૦૦ કિલોથી વધુનો નસીલો પદાર્થ સાથે ૩ આરોપીઓની ધરપકડ કરી છે.



પ્રથમ વાપીના છીરી ગાલા મસાલામાં પોલીસે અહેમદનગર રજા ગલીમાં એક મકાનમાં રેડ કરી હતી. મોહમ્મદ અમીન મોહમ્મદ બાસુ ખાનના મકાનમાં કરેલી તપાસમાં કેનોબીસ નામના નસીલા પદાર્થની ૩૮૭.૭૫૦ કિલો ગ્રામ નશિલી ગોળીઓનો જથ્થો મળી આવ્યો હતો. જેની બજાર કિંમત ૧.૯૩ કરોડ ની હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. આ કાર્યવાહી દરમ્યાન બાતમી મળી કે આ નશીલો પદાર્થ દાદરા નગર હવેલી ની બોર્ડર નજીક થી લાવવામાં આવ્યો હતો.

આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દાદરા નગર હવેલી અને ગુજરાતની હદ પર તીઘરા રોડ પર પ્રદીપ ઉર્ફે મનુ વર્માની દુકાનમાં રેડ કરી હતી. આ દુકાન માંથી પણ ૧૦.૯૩ કરોડની કિંમતના ૨૧૪૭ કિલો કેનોબીસની ગોળીઓનો જથ્થો મલી આવ્યો હતો. ત્યારબાદ વાપીની ડુંગરા પોલીસે પણ બોલાવ્યો સપાટો બોલાવી લેકવ્યુ રેસીડેન્સી માંથી કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બિસ્વાલના ઘરમાંથી પણ ૧.૨૧ કરોડની કિંમત ની ૨૪૩ કિલો જેટલી નસીલી કેનોબીસ ની ગોળીઓ ઝડપાઈ હતી.ઈનશાના આ રેકેટના પર્દાફાશ દરમિયાન પોલીસે અત્યાર સુધી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે ૩ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓમાં મોહમ્મદ અમીન મોહમ્મદ ખાન, પ્રદીપ ઉર્ફે મનનુ રામતીર્થ વર્મા અને કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બીશ્વાલની ધરપકડ કરી હતી. જ્યારે અનુરાગ ગુપ્તા અને સલમાન ઈકબાલ અને બનમાલી પ્રભાકર પાતરા નામના આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ નશાના પાવડરમાંથી નશાની ગોળીઓ બનાવી વાપી અને સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના ઔદ્યોગિક વિસ્તારોમાં પાનના ગલ્લાઓ અને નાની દુકાનોમાં સપ્લાય કરતા હતા. સાથે જ અત્યાર સુધીની તપાસમાં ચોકાવનારી હકીકત બહાર આવી છે કે.. આ રેકેટના તાર મહારાષ્ટ્ર અને યુપી સુધી ફેલાયા છે. આથી પોલીસે આ મામલે પણ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.મહત્વપૂર્ણ છે કે ઓદ્યોગિક નગરી વાપી અને આસપાસના વિસ્તારમાં અગાઉ પણ નશાના રેકેટનો પર્દાફાશ થઈ ચૂક્યો છે. જોકે આ વખતે પોલીસે કરેલી આ કાબીલેદાદ કાર્યવાહી દરમિયાન અંદાજે અંદાજે ૧૪ કરોડ ની કિંમતના નસીલા પદાર્થ ને કબજે કરી સપાટો બોલાવ્યો છે. કાર્યવાહી દરમિયાન અત્યાર સુધી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. અને ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે. આથી પોલીસની આગામી તપાસમાં હજુ આ રેકેટમાં વધુ ચોકાવનારા ખુલાસા થવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

## જલગાંવમાં આરએસએસ કૂચ દરમિયાન તણાવ ફાટી નીકળ્યો; લોકો મસ્જિદ સામે વિરોધ



મુંબઈ

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાંથી હાલમાં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કૂચ દરમિયાન બે જૂથો વચ્ચે અથડામણ થઈ. અહેવાલો અનુસાર, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા કૂચની તૈયારીઓ દરમિયાન તણાવ ઉભો થયો. કેટલાક લોકોએ મસ્જિદની સામેથી પસાર થતી સરઘસનો વિરોધ કર્યો. પરિસ્થિતિ વધુ વણસી રહી છે તે જોઈને પોલીસે હળવો બળપ્રયોગ કરવો પડ્યો. હાલમાં ઘટનાસ્થળે તણાવપૂર્ણ પરિસ્થિતિ છે.અહેવાલો અનુસાર, એક મસ્જિદ સામેથી જુલુસ પસાર થઈ રહ્યું હતું ત્યારે લોકોના એક જૂથે વિરોધ કર્યો. મસ્જિદ સામેથી પસાર થઈ રહેલા જુલુસનો વિરોધ કરતા, પુરુષોએ મહિલાઓને આગળ ધકેલી દીધી અને ધરણા કર્યા. ઘટનાસ્થળે તણાવ વધ્યો અને કેટલાક સ્થળોએ પથ્થરમારો પણ થયો. પોલીસે ભીડને વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કર્યો, જેના કારણે કિંગણગાંવ વિસ્તારમાં ગભરાટ ફેલાયો. ત્યારબાદ પોલીસ સુરક્ષા હેઠળ શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, જલગાંવ જિલ્લામાંથી વધારાના પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચ્યા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, જિલ્લા પોલીસ વહીવટીતંત્રને એલર્ટ કરવામાં આવ્યું છે, અને વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. પોલીસ અધિક્ષક શ્રીકાંત ધીવારે, અધિક પોલીસ અધિક્ષક સંદીપ ગાવિત, વિભાગીય પોલીસ અધિકારી અનિલ બડગુજર અને ભુસાવલ, યાવલ અને રાવેરથી મોટી પોલીસ દળ કિંગણગાંવ પહોંચી ગયું છે. કિંગાવમાં પરિસ્થિતિ હાલમાં નિયંત્રણમાં છે, પરંતુ આ વિસ્તારમાં તણાવ છે.ધાર્મિક સ્થળની સામે શોભાયાત્રા અંગેના વિવાદથી કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઉભો થયો છે. એવું માનવામાં આવે છે કે પોલીસ વહીવટીતંત્ર કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે પરિસ્થિતિને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જોકે, શોભાયાત્રાના માર્ગ પર વિવાદ શા માટે થયો, પથ્થરમારો કોણે શરૂ કર્યો અને સમગ્ર ઘટના માટે કોણ જવાબદાર છે તે અંગે હવે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ ઘટના અંગે પોલીસ વહીવટીતંત્રના સત્તાવાર વલણ અને તેના પછીની કાર્યવાહી પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

## જેએનયુની દિવાલો પર નવા સૂત્રો: ડાબેરીઓ વિરુદ્ધ 'અખંડ ભારત' અને 'લવ જેહાદ બંધ કરો' લખેલા, ફોટા પણ પોસ્ટ કરવામાં આવ્યા

નવીદિલ્હી

દિલ્હીની બે અગ્રણી કેન્દ્રીય યુનિવર્સિટીઓ, જામિયા મિલિયા ઈસ્લામિયા અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) ની દિવાલો પર વિવાદાસ્પદ સૂત્રો લખવાના સમાચાર અહેવાલો. પહેલા જામિયા અને હવે જેએનયુમાં આ ઘટનાઓએ ફરી એકવાર કેમ્પસનું વાતાવરણ ગરમાવ્યું છે. વિવિધ વિચારધારાઓ સાથે સંકળાયેલા સૂત્રો અને છબીઓના ઉદભવથી વિદ્યાર્થી સંગઠનો અને યુનિવર્સિટી વહીવટીતંત્ર વચ્ચે તણાવ સર્જાયો છે.જેએનયુમાં ડાબેરી વિદ્યાર્થીઓ દ્વારા દિવાલો પર લખાયેલા સૂત્રોના વિરોધમાં, હવે "અખંડ ભારત" અને "લવ જેહાદ બંધ કરો" જેવા સૂત્રો લખવામાં આવ્યા છે. વધુમાં, રાહુલ ગાંધી અને ત્રદ્વેંના બરતરફ કરાયેલા પ્રોફેસર અંગોમચા બિમોલ અકોઈજામના ફોટા, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી સાથે, કેમ્પસમાં લગાવવામાં આવ્યા છે. ૧૧ મહિલા વિદ્યાર્થીઓ પર જાતીય સતામણીના આરોપો સામે આવ્યા બાદ પ્રોફેસર અકોઈજામને યુનિવર્સિટીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.જેએનયુ કેમ્પસમાં દિવાલો પર વિવાદાસ્પદ સૂત્રો લખવાના કિસ્સાઓ અગાઉ પણ નોંધાયા છે. તાજેતરમાં, કેમ્પસની દિવાલો પર "મુક્ત ઉમર ખાલિદ" અને "નક્સલબારી લાંબુ જીવો" જેવા નારા લખાયેલા હતા. વધુમાં, વીર સાવરકરના ચિત્ર પર એઆઈએસએ કેડર દ્વારા વાંધાજનક લખાણોના ફોટોગ્રાફસ સામે આવ્યા છે. આ ઘટનાઓએ કેમ્પસમાં વૈચારિક સંઘર્ષ પર ચર્ચા જગાવી છે.જેએનયુમાં થયેલા તાજેતરના વિકાસના એક દિવસ પહેલા, જામિયા મિલિયા ઈસ્લામિયાની દિવાલો પર વિવાદાસ્પદ સૂત્રો પણ લખેલા જોવા મળ્યા હતા. ત્યારથી, યુનિવર્સિટીમાં વાતાવરણ તંગ રહ્યું છે. જામિયાના વિદ્યાર્થીઓ ૧૨ ઓક્ટોબરથી વિદ્યાર્થી સંઘની ચૂંટણી ફરી શરૂ કરવાની માંગણી સાથે ભૂખ હડતાળ પર છે. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓમાં જાસીમ અલી, અબીન, રીહાન હૈદર અને રીહાન પનવારનો સમાવેશ થાય છે.

## ૨૦૨૯ સુધીમાં ભારતમાં ચાર અવકાશ પ્રક્ષેપણ સ્થળો કાર્યરત થઈ જશે,ઈસરોના વડા

નવીદિલ્હી

ભારતીય અવકાશ સંશોધન સંગઠનના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યું છે કે ૨૦૨૯ સુધીમાં દેશમાં ચાર લોન્ચ પેડ કાર્યરત થઈ જશે, જે ભારતની અવકાશ-સંબંધિત પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો કરશે. નારાયણને ઈસરોની ભવિષ્યની યોજનાઓની રૂપરેખા આપતા કહ્યું કે, ઉપગ્રહ પ્રક્ષેપણની વધતી જતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે, તમિલનાડુના તુતીકોરીન જિલ્લાના કુલશેખરપટ્ટીનમમાં ૨,૦૦૦ એકર જમીન પર નાના ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન માટે એક અલગ સંકુલ વિકસાવવામાં આવશે.

નારાયણને સ્પષ્ટતા કરી કે રાષ્ટ્રીય અવકાશ એજન્સી ઈસરોનું ખાનગીકરણ કરવામાં આવશે નહીં. જોકે, તેમણે કહ્યું કે દેશ અને વિશ્વમાં હજારો ઉપગ્રહોની વધતી જતી માંગને પહોંચી વળવા માટે ખાનગી કંપનીઓ સાથે ભાગીદારી જરૂરી છે.

તેમણે એક ખાનગી યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં કહ્યું,ઈસરો સ્ટાર્ટઅપ્સ અને ખાનગી કંપનીઓને ટેકો આપશે અને તેમને અવકાશ ક્ષેત્રમાં વધતી જતી પ્રવૃત્તિને સંભાળવા માટે તકનીકી કુશળતા પ્રદાન કરશે, જે આર્થિક વિકાસને વેગ આપશે અને હાઈ-ટેક ક્ષેત્રોમાં હજારો નોકરીઓનું સર્જન કરશે."

નારાયણને કહ્યું, "૨૦૨૯ સુધીમાં, ભારતમાં ચાર કાર્યરત પ્રક્ષેપણ સ્થળો હશે અને અવકાશ સંબંધિત પ્રવૃત્તિઓ નોંધપાત્ર રીતે વિસ્તરશે." વાણિજ્યિક પ્રવૃત્તિઓ માટે ખાનગી ઉદ્યોગ સાથે ભાગીદારી પર નિર્ભરતા પણ વધશે.

ઈસરોના વડાએ જણાવ્યું હતું કે કુલશેખરપટ્ટીનમમાં બનાવવામાં આવનાર અવકાશ પ્રક્ષેપણ કેન્દ્રમાં એવી ઈમારતો શામેલ હશે જ્યાં રોકેટ ઘટકો, સાધનો અને સિસ્ટમોને એસેમ્બલ કરવામાં આવશે અને લોન્ચ માટે તૈયાર કરવામાં આવશે. વધુમાં, તેમાં લોન્ચ પેડ, રેલ ટ્રેક અને ડેટા સંપાદન, દેખરેખ અને નિયંત્રણ માટે મહત્વપૂર્ણ સુવિધાઓનો સમાવેશ થશે. જોકે, તેમણે અન્ય ત્રણ પ્રસ્તાવિત પ્રક્ષેપણ સ્થળો વિશે વિગતો આપી ન હતી.તેમણે જણાવ્યું હતું કે ઈસરો આગામી બે



મહિનામાં ગગનયાન મિશનનું પ્રથમ માનવરહિત પરીક્ષણ કરવાની યોજના ધરાવે છે. આ પછી અવકાશયાત્રીઓને મોકલતા પહેલા બે વધુ માનવરહિત પરીક્ષણો કરવામાં આવશે.

નારાયણને કહ્યું, "આ પરીક્ષણો વાતાવરણીય નિયંત્રણ પ્રણાલી, સલામતી પ્રણાલીઓ, કટોકટી સ્થળાંતર પ્રણાલીઓ અને આંતરિક અવકાશયાન સુવિધાઓનું વિવિધ દબાણ, તાપમાન અને ભેજની પરિસ્થિતિઓ હેઠળ પરીક્ષણ કરશે."તેમણે જણાવ્યું હતું કે ઈસરોએ ગગનયાન મિશન માટે લગભગ ૮,૦૦૦ ભૂમિ પ્રયોગો સફળતાપૂર્વક હાથ ધર્યા છે, અને પસંદ કરાયેલા ચાર અવકાશયાત્રીઓ હાલમાં વિશેષ તાલીમ લઈ રહ્યા છે.

ભવિષ્યની યોજનાઓ અંગે, નારાયણને જણાવ્યું કે ઈસરો જાપાની અવકાશ એજન્સી સાથે મળીને ચંદ્રયાન-૫ મિશનનું આયોજન કરી રહ્યું છે, જે હેઠળ ૧૦૦ દિવસ માટે પ્રયોગો કરવા માટે ૩૫૦ કિલોગ્રામના રોવરને ચંદ્રની સપાટી પર મોકલવામાં આવશે.

વેચવાનું છે

કોમર્શિયલ + રેસિડેન્શિયલ મકાન

વડોદરા – કારેલીબાગ મેઈન રોડ ઉપર

વડોદરાના કારેલીબાગ મેઈન રોડ ઉપર આવેલું ૨૩૦૦ સ્કવેર ફૂટનું મોકાની જગ્યા ધરાવતું મકાન વેચવાનું છે.

- રહેણાંક તથા કોમર્શિયલ ઉપયોગ માટે યોગ્ય
- મેઈન રોડ ઉપર ઉત્તમ લોકેશન
- ધંધા-રોજગાર તથા રહેઠાણ માટે અનુકૂળ

વધુ માહિતી અને મકાન જોવા માટે સંપર્ક કરો.

મો.9824014751

તા.૨૬/૧૦/૨૦૨૬
સોમવાર

મહિસાગર – છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા,બોડેલી

પંચમહાલ સમાચાર

# મહીસાગરના સરાડીયાગામની સીમમાં ત્યજી દેવાયેલું નવજાત બાળક મળ્યું: વીરપુર પોલીસે તપાસ શરૂ કરી

મહિસાગર

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના સરાડીયા ગામની સીમમાંથી ત્યજી દેવાયેલી હાલતમાં એક નવજાત બાળક મળી આવ્યું છે. બાળક મળતા જ સ્થાનિક સ્તરે ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું.

સરાડીયા ગામની સીમમાં બાળક ત્યજી દેવાયેલી હાલતમાં મળ્યું હતુ. આ અંગે જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી બાળકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયું. ત્યાં પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે રિફર કરાયું છે.

નવજાત બાળકને કોણ અને કયા સંજોગોમાં મૂકી ગયું તે અંગે કોઈ સત્તાવાર માહિતી નથી. ઘટનાની ગંભીરતાને જોતા વીરપુર પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં



બાળકને ત્યજી દેવાનું સાચું કારણ બહાર આવે તેવી શક્યતા છે.

# કવાંટ-મોરબી રૂટની અપુરતી સુવિધાને લઈ સાફરોને ૪૦૦ કિ.મી. ઉભા રહી મુસાફરી કરવા મજબુર



નવીન બસના રૂટ શરૂકરવા જોઈએ સવાર–સાંજ આમ બે બસ વાયા નસવાડીદેવળીયા તિલકવાડા ડભોઈ વડોદરા થઈજતી હોય છે. જે ઓનલાઇન કેટલીક વારફૂલ બતાવે છે. તો અમારે બીજી બસમાંઅથવા બીજા દિવસનું બુકિંગ કરાવી જવુપડે છે. નવીન બસના રૂટ શરૂ કરવાજોઈએ.

:– ભાવેશ રાઠવા, મુસાફર.–:

ભાડુ આપીને પણ ઉભા ઉભા જવાનું અમો ત્રણ વાગ્યાંના ઉઠ્યા હતા. અમારા વિસ્તારના કેટલાય મુસાફરો રાત્રે કવાંટ બસ સ્ટેન્ડ ઉપર આવી જાય છે. સવારે ૪ પછી કવાંટ મોરબી બસ મુકાય એટલે કન્ડકટર પહેલા રીઝર્વેશનના મુસાફરોને સીટ બતાવે પછી જે ખાલી હોય એમા અન્ય મુસાફરો બેસે છે. હવે બસમાં મોરબી સુધી ડાયરેક જવા વાળા વધારે હોવાથી કરે શું ? જેથી તેઓ ઉભા ઉભા મોરબી સુધી મુસાફરી કરે છે. મોરબી ડેપોની બસ ચાલુ થયાને વર્ષો છે. એક આપણા ડેપોની બસ કલાક બે કલાક પછી નસવાડી વાયા મુકાય તોય સારૂ.

:– રાકેશ રાઠવા, મુસાફર.–:

નસવાડી,

છોટાઉદેપુર જીલ્લાના કવાંટ અને નસવાડી તાલુકામાંથી સૌરાષ્ટ્ર, મોરબી તથા હળવદ તરફ મજૂરી માટે જતા મુસાફરો એસ.ટી. બસની અપૂરતી સુવિધાને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. કવાંટ–મોરબી રૂટ પર નસવાડી વાયા બસોની સંખ્યા ઓછી હોવાથી મુસાફરોને ૪૦૦ કિલોમીટરની લાંબી મુસાફરીમાં કલાકો સુધી ઊભા રહેવાની ફરજ પડે છે.મુસાફરોના જણાવ્યા મુજબ, છેલ્લા ૧૨ વર્ષથી મોરબી ડેપોની બસો દોડતી હોવા છતાં છોટાઉદેપુર, બોડેલી, ડભોઇ તથા વડોદરા ડેપો દ્વારા નવા રૂટ શરૂ કરવામાં આવ્યા નથી. બસમાં જગ્યા મેળવવા મુસાફરો વહેલી સવારે ત્રણ વાગ્યે કવાંટ બસ સ્ટેન્ડ પર પહોંચી જાય છે. છતાં ઘણીવાર બેસવાની જગ્યા મળતી નથી. પરિવાર તથા નાનાં બાળકો સાથે મજૂરી માટે જતા લોકોને ૧૦થી ૧૧ કલાક સુધી ઊભા રહીને મુસાફરી કરવી પડે છે.

બસમાં અગાઉથી સીટોનું બુકિંગ થઈ જતું હોવાથી સ્થાનિક મુસાફરોને મુશ્કેલી પડે છે. કવાંટ અને નસવાડી બંને તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો રોજગાર માટે સૌરાષ્ટ્ર તરફ અવરજવર કરે છે.છતાં બસોની સંખ્યા વધારવામાં આવતી નથી. આથી મુસાફરોમાં તંત્ર પ્રત્યે નારાજગી જોવા મળી રહી છે. મુસાફરોએ એસ.ટી. વિભાગને રજૂઆત કરી કવાંટ–મોરબી રૂટ પર બસો વધારવાની માંગ કરી છે. અન્ય ડેપોમાંથી નવા લાંબા અંતરના રૂટ શરૂ કરવાની પણ માંગ કરી છે.

# કડાણાના રાઠડા બેટ ખાતે 'મત્સ્ય પાલન, કલેકશન અને વેચાણ પ્રોડ્યુસર ગ્રુપ'નો શુભારંભ

– મહિલાઓ આર્થિક પ્રવૃત્તિઓ થકી આર્થિક અને સામાજીક રીતે સશક્ત બને તે જરૂરી: જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ.
– એન.આર.એલ.એમ. અંતર્ગત બહેનોને વ્યવસાયિક માર્ગદર્શન સાથે કાજુના રોપાઓનું વિતરણ કરાયું.

કડાણા,

મહીસાગર જીલ્લામાં ગ્રામીણ મહિલાઓનું આર્થિક અને સામાજીક સ્તર ઊંચું લાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. (GLPC) ગાંધીનગર અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) મહીસાગરના સંયુકત ઉપક્રમે વિશેષ પહેલ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે તાલુકા પંચાયત કડાણા અંતર્ગત રાઠડા બેટ ગામે 'ફાર્મ લાઈવલીહૂડ વર્ટિકલ' હેઠળ મત્સ્ય પાલન, કલેકશન અને વેચાણ કરતા 'પ્રોડ્યુસર ગ્રુપ' (PG)નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થ તેમજ ડી.આર.ડી.એ. નિયામક ચંદ્રિકાબેન ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય અને રીબીન કાપીને સંપન્ન થયો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રોડ્યુસર ગ્રુપની બહેનોને પ્રોત્સાહિત કરતાં જીલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ તૈયાર કરાયેલા બિઝનેસ પ્લાન મુજબ મહિલાઓ આર્થિક ગતિવિધિઓ સાથે જોડાય તે સમયની માંગ છે. આવી આજીવિકા લક્ષી પ્રવૃત્તિઓ થકી બહેનો આર્થિક રીતે પગભર બનવાની સાથે તેમનું સામાજીક અને શૈક્ષણિક સ્તર પણ સુધરશે. આ પ્રસંગે ડી.આર.ડી.એ. નિયામક ચંદ્રિકાબેન ભાભોરે બહેનોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, સખી મંડળની બહેનો વધુમાં વધુ મત્સ્ય કલેક્શન કરી યોગ્ય ગ્રેડિંગ સાથે વિવિધ બજારોમાં વેચાણ કરે, જેથી તેમને ઉત્પાદનનું મહત્તમ વળતર મળે અને તેઓ આર્થિક રીતે સ્વનિર્ભર બને. આ અવસરે ગ્રામીણ મહિલાઓ દ્વારા સ્થાનિક કક્ષાએ આવક વધારવા માટે મહિલા ડેરી શરૂ કરવાની રજૂઆત કરવામાં આવી હતી, જેના પ્રત્યુત્તરમાં વહીવટી તંત્ર દ્વારા ટૂંક સમયમાં ગામમાં મહિલા ડેરી શરૂ કરી આપવા હકારાત્મક ખાતરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, બાગાયતી ખેતી થકી મહિલા ખેડૂતોની આવકમાં વધારો થાય તે હેતુથી જીલ્લા વિકાસ અધિકારીના હસ્તે ઉપસ્થિત બહેનોને કાજુના રોપાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ લોકાર્પણ પ્રસંગે કડાણા તાલુકા વિકાસ અધિકારી કલ્પેશભાઈ મોડ પટેલ, જીલ્લા લાઈવલીહૂડ મેનેજર પરેશભાઈ પટેલ, આસિસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર હરિશચંદ્રસિંહ હજુરી, સ્થાનિક સરપંચ, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ તેમજ સ્વ–સહાય જૂથો અને પ્રોડ્યુસર ગ્રુપની બહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઈન્ચાર્જ ટી.એલ.એમ. ધવલભાઈ પટેલ અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાનપુરના વેડ ગામે નિશાળ ફળિયામાં તસ્કરોએ એક મકાનને નિશાન બનાવ્યું

બારીમાં લગાવેલ લોખંડના સળિયા વાળી ઘરમાં પ્રવેશેલા તસ્કરો રૂપિયા ૧.૮૫ લાખ ઉપરાંતની કિંમતના સોના–ચાંદીના દાગીના ચોરી ગયા.

ધાનપુર,

ધાનપુર તાલુકાના વેડ ગામે નિશાળ ફળિયામાં રાત્રિના સમયે ત્રાટેલા તસ્કરો એક ઘરને નિશાન બનાવી બારીમાં લગાવેલ લોખંડના સળિયા વાળી ઘરમાં પ્રવેશી અલગ અલગ બે રૂમમાં મુકેલ લોખંડની તિજોરીના ખાનામાંથી રૂપિયા ૧.૮૫૪૦૦/–ની કુલ કિંમતના સોના–ચાંદીના દાગીના ચોરી લઈ ગયાનું પોલીસ સુત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર તાલુકાના વેડ ગામે નિશાળ ફળિયામાં ગત તારીખ ૨૦મી ઓક્ટોબરના રોજ રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને તસ્કરો નિશાળ ફળિયામાં રહેતા બાવન વર્ષીય રાજેન્દ્રસિંહ અભેસિંહ ચૌહાણ નામના નોકરીયાત ના ઘરની દિવાલમાં આવેલ બારીમાં લગાવેલ લોખંડના સળિયા વાળી તે વાટે ઘરમાં પ્રવેશ્યા હતા. અને રાજેન્દ્રસિંહ ચૌહાણના રૂમમાં મુકેલ લોખંડની તિજોરી ખોલી તિજોરી ના ખાનામાં રાખેલ આશરે અઢીતોલા વજનનું સોનાનું લોકીટ, આશરે અઢી તોલા વજનની સોનાની ચેઈન, તથા રાજેન્દ્રસિંહ ચૌહાણના છોકરા વસંતસિંહના રૂમમાં મુકેલ લોખંડની તિજોરીના ખાનામાંથી આશરે નવ ગ્રામ કુલ વજનની સોનાની વીંટી નંગ ત્રણ, આશરે ૫૦૦ ગ્રામ કુલ વજનના ચાંદીના છાડા નંગ–૨, આશરે ૬૦ ગ્રામ વજનની ચાંદીની લકી નંગ–૧ મળી કુલ રૂપિયા ૧,૮૫,૪૦૦/–ની કુલ કિંમતના સોના–ચાંદીના દાગીના તસ્કરો ચોરીને લઈ ગયા હતા.

આ સંબંધે વેડ ગામના નિશાળ ફળિયામાં રહેતા અને ઘર ફોડ ચોરીનો ભોગ બનેલ રાજેન્દ્રસિંહ અભેસિંહ ચૌહાણે ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ધાનપુર પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી, એફએસએલ તથા ડોગ સ્ક્વોર્ડની મદદની માગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સંખેડાની છાપરીયા પાસ માઈનોર કેનાલની સફાઈ વગર પાણી છોડતા પાણી ખેતર સુધી ન પહોચ્યું



સંખેડા,

સંખેડા તાલુકાના છાપરીયા ગામ પાસેથી પસાર થતી માઈનોર કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. જોકે, કેનાલ સાફ કર્યા વગર પાણી છોડતા ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચી રહ્યું નથી.

હાલમાં કપાસના પાકને પાણીની ખૂબ જરૂર છે. પાણી ન મળવાને કારણે કપાસનો ઉભો પાક સુકાઈ રહ્યો છે. આનાથી ખેડૂતો ચિંતિત છે.

ગ્રામજનોના કહેવા મુજબ, આ સમસ્યા દર વર્ષની છે. ગયા વર્ષે પણ ખેડૂતોએ જાતે જ કેનાલ સાફ કરી હતી. આ વર્ષે પણ તંત્રએ કોઈ સફાઈ કામગીરી કરી નથી.

આ અંગે અધિકારી સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, ''પાણી છોડી દીધું છે, પરંતુ સફાઈ કરી નથી.'' ગ્રામજનો આ જવાબ સામે સવાલ ઉઠાવી રહ્યા છે.

છાપરીયા અને આસપાસના ગામોમાં સિંચાઈ માટે બોર કે કૂવાની કોઈ વ્યવસ્થા નથી. ખેડૂતો ફકત આ કેનાલ પર જ આધાર રાખે છે.

ગામના લોકો માંગ કરી રહ્યા છે કે સંખેડા માઈનોર કેનાલને તાત્કાલિક સાફ કરવામાં આવે. જેથી ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચે અને સુકાઈ રહેલો કપાસનો પાક બચી શકે.

# છોટાઉદેપુરમાં ડ્રગ્સના વિરોધમાં નેશનલ બાઈક રેલી પહોંચી



છોટા ઉદેપુર,

આગામી ૩૧ ઓક્ટોબરના રોજ એકતા દિવસ છે. તેના ભાગરૂપે ડ્રગ્સ નાબૂદી માટે પોલીસ જવાનો દ્વારા નેશનલ બાઈક રેલી કાઢવામાં આવી છે. આ રેલી આજે છોટા ઉદેપુર પહોંચી હતી.

આ રેલી દેશના અલગ અલગ ભાગોમાં ફરીને એકતા નગર ખાતે સમાપ્ત થશે. છોટા ઉદેપુર જીલ્લા પોલીસે રેલીનું સ્વાગત કર્યું. જીલ્લાની ઓળખ સમાન ટીમલી નૃત્યથી જવાનોનું અભિવાદન કરાયું.

ટીમલી નૃત્યમાં બાઈક રેલીમાં આવેલા જવાનો પણ ઉત્સાહભેર ઝૂમી ઉઠ્યા હતા. છેલ્લે, જીલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝ શેખે રેલીને લીલી ઝંડી બતાવી. રેલીને એકતા નગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ રવાના કરવામાં આવી.

# વિરપુરની સરાડીયાના વડુ તળાવ માંથી લીલી વનસ્પતિથી જળચર સૃષ્ટિ અને પર્યાવરણ ને નુકશાન

વિરપુર,

મહીસાગર જીલ્લામાં ચાલુ વર્ષે ઓછા વરસાદને પગલે જળસંકટની ભીતિ ઘેરાઈ રહી છે. ત્યારે વિરપુરના સરાડીયા ગામના વાડી વિસ્તારમાં આવેલા મહાકાય વડુ તળાવમાં પાણીની સપાટી પર લીલી જળવનસ્પતિનું વ્યાપક આવરણ ફેલાતાં સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.

તળાવના પાણી પર જાણે લીલી ચાદર પથરાઈ ગઈ હોય તેવું દ્રશ્ય જોવા મળી રહ્યું છે. એક તરફ વરસાદની અછતને કારણે જળસંગ્રહનું મહત્ત્વ વધ્યું છે, તો બીજી તરફ હજુ તો શિયાળાની ઠંડીની શરૂઆત થઈ છે. ત્યાં તળાવની સપાટી પર ફેલાયેલી આ વનસ્પતિ પાણીની ગુણવત્તા અને જળચર સૃષ્ટિ માટે પડકાર ઊભો કરી શકે છે. જળવનસ્પતિના વધુ પડતા વિકાસ અને તેના સડવાથી પાણીમાં ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ ઘટવાની શક્યતા રહે છે.જે માછલીઓ સહિતના જળચરોને નુકસાન પહોંચાડી શકે છે. સાથે જ તળાવના કુદરતી પર્યાવરણીય



સંતુલન પર પણ અસર થવાની ભીતિ છે. આ પરિસ્થિતિમાં તળાવની જાળવણી અને પાણીના સંરક્ષણ માટે જવાબદાર તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.સ્થાનિકોની ચિંતા છે કે સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ઉપલબ્ધ જળરાશિનો ઉપયોગ અને તેની ગુણવત્તા બંને પ્રભાવિત થઈ શકે છે. તંત્ર દ્વારા તળાવની સ્થિતિની તપાસ કરાવી જળવનસ્પતિની યોગ્ય ઓળખ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિયંત્રણ માટે પગલાં લેવાય તે જરૂરી બન્યું છે.

# પાવીજેતપુરના સુસ્કાલ ગામે બાપે ૮ વર્ષીય દિકરાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યા આપઘાતનો પ્રયાસ

છોટા ઉદેપુર,

ગુજરાતમાં સંતાન માથે તેના મા–બાપ જ કાળ બનીને ત્રાટકી રહ્યા છે. છેલ્લા પંદર દિવસમાં આવા ૩ બનાવ બન્યા છે. વાવ–થરાદ અને રાજકોટ બાદ આવો જ એક બનાવ છોટાઉદેપુર જીલ્લામાં બન્યો છે. પાવી જેતપુર તાલુકાના સુસ્કાલ ગામના તેર ફળિયામાં રહેતા એક પિતાએ તેના ૮ વર્ષીય માસૂમ પુત્રનું ગળું દબાવીને હત્યા કરી નદીમાં નાખી દીધો હતો. ત્યારબાદ પોતે ગળાના ભાગે બ્લેડ મારી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ઓરસંગ નદીના પટમાં બની ઘટના સુસ્કાલ ગામના તેર ફળિયામાં રહેતા જયેશભાઈ લાલાભાઈ નાયકા શનિવારે બપોરે ૩ વાગ્યાના સુમારે ઓરસંગ નદીના પટમાં બેઠા હતા. દરમિયાન, ગામના આગેવાન અશોકભાઈ નાયકા નદીમાં શાકભાજી કરવા ગયા હતા ત્યારે તેમણે જયેશભાઈને નદીમાં બેઠેલા જોઈને તેની મુલાકાત લીધી હતી. નજીક જઈને જોતા જયેશભાઈના ગળામાંથી લોહી વહી રહ્યું હતું અને તેમના હાથમાં બ્લેડ હતી.

ગ્રામજને ૧૦૮ને ફોન કરી બોલાવી અશોકભાઈએ નજીક જવાનો પ્રયાસ કરતા જયેશભાઈએ તેમને અટકાવ્યા હતા અને કહ્યું હતું કે, ''મારે જીવવું નથી.'' આ સ્થિતિ જોઈને અશોકભાઈએ તુરંત જ અન્ય ગ્રામજનોને ફોન કરીને બોલાવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો ઘટનાસ્થળે ૧૦૮ એમ્બ્યુલન્સ પહોંચ્યા બાદ ઈજાગ્રસ્ત જયેશભાઈને પૂછપરછ કરવામાં આવી ત્યારે તેમણે જણાવ્યું હતું કે, હું ટેન્શનમાં આવી ગયો છું અને મેં મારા ૮ વર્ષના છોકરાનું ગળું દબાવીને તેને મોતને ઘાટ ઉતારી પાણીમાં નાખી દીધો છે, મારે પણ હવે જીવવું નથી.

હત્યારાની કબૂલાત બાદ નદીમાંથી લાશ કઢાઈ આ વાત સાંભળીને હાજર લોકોએ તાત્કાલિક નદીના પાણીમાં તપાસ કરી હતી અને દોરડાની મદદથી ૮ વર્ષીય માસૂમ બાળકના મૃતદેહને બહાર કાઢ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું.

૧૧૨માં જાણ કરાતા પોલીસ દોડી ગઈ ઘટનાની જાણ થતા જ ૧૧૨ પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બાળકના મૃતદેહનો કબજો મેળવી પાવી જેતપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા જયેશભાઈને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

પત્ની છૂટાછેડા આપીને જતી રહી હતી પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, જયેશભાઈની પત્ની અંદાજે ૪ વર્ષ પહેલાં છૂટાછેડા લઈને જતી રહી હતી. તેને એક પુત્ર અને એક પુત્રી સંતાન હતા. દીકરી જયેશભાઈના માતા–પિતા સાથે કાઠિયાવાડમાં મજૂરી અર્થે રહેતી હતી, જ્યારે પુત્ર પિતા સાથે રહેતો હતો. પત્નીના વિયોગ અને પારિવારિક પરિસ્થિતિના કારણે જયેશભાઈ માનસિક રીતે પડી ભાંગ્યા હતા અને આ આત્યંતિક પગલું ભર્યું હતું. આ અંગે પાવી જેતપુર પોલીસે જયેશભાઈ વિરૂદ્ધ



ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

# ઝાલોદમાં ધારાસભ્ય મહેશ ભૂરીયાના હસ્તે સ્વદેશી મેળાનો ભવ્ય પ્રારંભ

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત શહેરી આજીવિકા મિશનના સહયોગથી નગરપાલિકા દ્વારા સાત દિવસીય મેળાનું આયોજન.**
**– સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન અને વેપારીઓને નવી તક આપવા પહેલ; બાળકો માટેની રમતો આકર્ષણનું કેન્દ્ર બની.**



ઝાલોદ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (ગુજરાત શહેરી આજીવિકા મિશન) તથા ઝાલોદ નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક વેપારીઓને મજબૂત બનાવવાના હેતુથી ઝાલોદના બાંસવાડા રોડ પર પોલીસ સ્ટેશન સામે આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સાત દિવસીય સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)નું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી યોજાનારા આ મેળાનો ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ એસ. ભૂરીયાના હસ્તે રિબન કાપીને અને દીપ પ્રાગટ્ય કરીને પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઝાલોદ નગરપાલિકાનાં પ્રમુખ રેખાબેન ટી. વસૈયા, ઈન્ચાર્જ ચીફ ઓફિસર વૈશાલીબેન નીનામા, કારોબારી ચેરમેન દિનેશભાઈ એસ. પંચાલ સહિત નગરપાલિકાના કાઉન્સિલરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર મંચ સંચાલન રાજેશભાઈ પંચાલે કર્યું હતું, જયારે કારોબારી ચેરમેન દિનેશભાઈ પંચાલે પ્રારંભિક ઉદ્‌બોધન કર્યું હતું.સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગથી સ્થાનિક વેપારને વેગ મળશે : ધારાસભ્ય મહેશ ભૂરીયા : મેળાના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાએ સ્વદેશી મેળાના આયોજનને આવકારતાં જણાવ્યું હતું કે, સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, સ્થાનિક કારીગરો અને વેપારીઓને યોગ્ય બજાર પૂરું પાડવું તથા નાગરિકોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદી પ્રત્યે જાગૃતિ લાવવી અત્યંત જરૂરી છે. આવા મેળાઓના આયોજનથી સ્થાનિક સ્તરે તૈયાર થતી વસ્તુઓને લોકો સુધી પહોંચાડવાની તક મળે છે અને નાના વેપારીઓ તથા સ્વરોજગાર સાથે સંકળાયેલા લોકોને પોતાની આવડત અને ઉત્પાદનો રજૂ કરવા માટે મંચ મળે છે.

તેમણે દર ઘર સ્વદેશી, ઘર–ઘર સ્વદેશી અને વોકલ ફોર લોકલના સંદેશને સાકાર કરવા નાગરિકોને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરવા અપીલ કરી હતી. સ્થાનિક ઉત્પાદનોનો ઉપયોગ વધવાથી નાના વેપારીઓને પ્રોત્સાહન મળે છે, રોજગારીની નવી તકો ઊભી થાય છે અને સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળી શકે છે. ગુજરાત શહેરી આજીવિકા મિશન તથા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી આ પહેલ સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ અને આજીવિકા મેળવવા માટે કાર્યરત લોકો માટે ઉપયોગી સાબિત થાય તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

ધારાસભ્યએ સ્ટોલની મુલાકાત લીધી, બાળકોને ખરીદી કરાવી : મેળાના પ્રારંભ બાદ ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ ઉત્પાદનોની માહિતી મેળવી હતી. આ દરમિયાન ધારાસભ્યએ બાળકોને ખરીદી કરાવી તેમના પ્રત્યેનો સ્નેહ પણ વ્યક્ત કર્યો હતો. બાળકો માટે વિશેષ રમતગમત અને મનોરંજનની વ્યવસ્થા કરવામાં આવી છે, જે મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની છે. પરિવાર સાથે મેળાની મુલાકાતે આવતા નગરજનો માટે ખરીદીની સાથે મનોરંજનનો પણ અવસર ઊભો થયો છે.

૩૧ ઓક્ટોબર સુધી મેળાનો લાભ લઈ શકાશે : ઝાલોદ નગરપાલિકા દ્વારા આયોજીત આ સ્વદેશી મેળો તા. ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી સાત દિવસ ચાલશે. દરરોજ સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી નગરજનો મેળાની મુલાકાત લઈ શકશે. નગરજનોને સ્વદેશી ઉત્પાદનોની ખરીદી કરવા અને સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે.

સર્જનથી સમૃદ્ધિ સુધી, આત્મનિર્ભર સખી, દર ઘર સ્વદેશી, ઘર–ઘર સ્વદેશી અને વોકલ ફોર લોકલના સંદેશ સાથે યોજાયેલા આ મેળા દ્વારા સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને શહેરી આજીવિકાને વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# દાહોદના ગોદી રોડ પર પશુપતિનાથ નગરમાં "લોભિયાના ગામમાં ધુતારા ભૂખે ન મરે" ઉકિતને સાર્થક કરતો બનેલો બનાવ



દાહોદ,
પાંચ રૂપિયાની જૂની ત્રણ નોટોના રૂપિયા સવા કરોડ લેવાની લાલચમાં નિવૃત્ત રેલવે કર્મચારીએ રૂપિયા ૩.૩૮ લાખ ગુમાવ્યા, ટ્રેક્ટર વાળી એક નોટની એડ બતાવી પાંચ થી વધુ વ્યક્તિઓ એ દાહોદ શહેરના ગોદી રોડ પર પશુપતિનાથ નગરમાં રહેતા રેલવેના એક નિવૃત્ત કર્મચારીને પાંચ રૂપિયાની ટ્રેક્ટર ની છાપવાળી જૂની ત્રણ નોટોના એક કરોડ ૨૫ લાખ ૧૭ હજાર રૂપિયા આપવાની લાલચ આપી ફોન પે તથા સ્કેનરમા ઓનલાઈન તેઓના ખાતામાં રૂપિયા ૩.૩૮ ઉપરાંતની માતબર રકમ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગત સ્વામી લાભરોબિન તેમજ કલ્યાણસિંહ તથા સોહિલ નામના વ્યક્તિઓએ પોત પોતાના મોબાઈલ થી તારીખ ૧૪–૧૦–૨૦૨૬ ના રોજ બપોરના સવા વાગ્યાના સુમારે દાહોદ ગોદી રોડ, પશુપતિનાથ નગરમાં રહેતા ૬૨ વર્ષીય નિવૃત રેલવે કર્મચારી પ્રેમસિંહ ભવરસિંહ રાઠોડને તેના મોબાઈલમાં પાંચ રૂપિયાની જૂની બતાવી હતી અને આવી પાંચ ટ્રેક્ટર વાળી એક ચલણી નોટની એડ રૂપિયાની જૂની ચલણી નોટો અમે લઈએ છીએ અને બદલામાં અમો પાંચ રૂપિયાની જૂની ત્રણ નોટના ?૧ કરોડ, ૨૫ લાખ ૧૭ હજાર રૂપિયા આપીએ છીએ, તેમ કહી લાલચ આપી તેઓના ફોન પે તથા સ્કેનરમાં તારીખ ૧૫–૧૦–૨૦૨૯ તથા તારીખ ૧૫–૧૦–૨૦૨૬ ના રોજ ઓનલાઈન રૂપિયા ૩,૩૮, ૫૩૨/–તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ તેઓએ પોતાના ફોન બંધ કરી દેતા રેલવેના નિવૃત્ત કર્મચારી પ્રેમસિંહ રાઠોડને પોતાની સાથે છેતરપિંડી વિશ્વાસઘાત થયાનું જણાઈ આવતા તેઓએ આ સંબંધે દાહોદ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે પ્રીતમ શર્મા, આરીફ, રશ્મિ રેખા, રામચંદ્ર, રોબિન, કલ્યાણસિંહ તથા સોહિલ વગેરે સામે પોલીસે ભારતીય ન્યાય સંહિતા મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે

# ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ ગામે ખેતરમાં મકાઈના તૈયાર પાકમાં અચાનક આગ લાગી: ખેડૂતનો પાક બળીને ખાખ

ગરબાડા,
ગરબાડા તાલુકાના ઝરી બુઝર્ગ (ઝરી ગામતળ) ખાતે ખેતીના તૈયાર પાકમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવી છે. ગામના મહિલા ખેડૂત રી કનુબેન રામચંદભાઈના ખેતરમાં તૈયાર થયેલો મકાઈનો પાક કોઈ અગમ્ય કારણોસર સળગી ઊઠતાં બળીને ખાખ થઈ ગયો હતો, જેના કારણે ખેડૂતને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ખેતરમાં કાપણી ધારણ કરી લેતાં સમગ્ર ખેતરમાં તૈયાર મકાઈના પાકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મકાઈનો જથ્થો લપેટમાં આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર દોડી આવી હતી અને ભારે જહમત બાદ વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટના અંગે સ્થાનિક તલાટી તેમજ ગામના સરપંચને તાત્કાલિક જાણ કરવામાં આવી.

હતી. ગ્રામ પંચાયત અને મહેસૂલ વિભાગે માહિતી મેળવી આગળની કાનૂની તથા ટીમે સ્થળ પર પહોંચી પંચનામું (પંચ કેસ) કરી નુકસાનીનો અંદાજ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી છે. પિડિત ખેડૂત પરિવાર દ્વારા યોગ્ય વળતર મળે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# લીમડી નગરમાં શરદ પૂનમ નિમિત્તે રાજા રણછોડરાયની ભવ્ય શોભાયાત્રા યોજાઈ



દાહોદ,
દાહોદ જીલ્લાના લીમડી નગરમાં શરદ પૂનમ નિમિત્તે રાજા રણછોડરાયની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. લીમડી નગરના રાજા રણછોડરાય મંદિર ખાતેથી માળી સમાજ દ્વારા શોભાયાત્રા પ્રસ્થાન કરાવવામાં આવી હતી. વાજતે–ગાજતે નીકળેલી આ શોભાયાત્રામાં માળી સમાજના મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. નગરના માર્ગો પરથી પસાર થયેલી શોભાયાત્રા દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. રાજા રણછોડરાયના જયઘોષ સાથે સમગ્ર પંથક ભક્તિના રંગે રંગાયું હતું.શરદ પૂનમના પાવન અવસરે યોજાયેલી આ શોભાયાત્રાને લઈને સમાજના લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને ધાર્મિક વાતાવરણ વચ્ચે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# નવાનગર ગામે દુકાનમાં આગ લાગતાં હાહાકાર! રૂ. ૧૪ લાખનું નુકસાન થયાનો અંદાજ.

દાહોદ,
દુકાનમાલિક ભૂરિયા વિજયભાઈ દલસિંગભાઈને મોટું આર્થિક નુકસાન દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના નવાંનગર ગામમાં દુકાનમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં દુકાનમાં રાખેલો આશરે રૂ.૯ લાખનો સામાન, ચાંદીનાં ઘરેણાં તેમજ આશરે રૂ. ૫ લાખની રોકડ રકમ બળીને ખાખ થઈ ગયાનું જણાવવા માં આવ્યું છે. આગાની ઘટનામાં દુકાન માલિક ભૂરિયા વિજયભાઈ દલસિંગભાઈને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. દુકાનમાં રાખેલો સામાન, ઘરેણાં અને રોકડ રકમ આગની ઝપેટમાં આવતાં પરિવારની મુશ્કેલીમાં વધારો થયો છે.પ્રાથમિક માહિતી મુજબ, સામાન અને રોકડ સહિત કુલ આશરે રૂ. ૧૪ લાખનું નુકસાન થયાનો અંદાજ છે. જોકે નુકસાનની ચોક્કસ રકમ સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થશે.આગ કયા કારણોસર લાગી તે અંગેની વિગતો હજી સ્પષ્ટ થઈ નથી. સંબંધિત તંત્ર દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવે અને નુકસાન નો યોગ્ય અંદાજ મેળવી અસરગ્રસ્ત દુકાન માલિકને શક્ય સરકારી સહાય મળે તેવી માંગ કરવામાં આવે છે.

# ઝાલોદમાં વસંત મસાલા દ્વારા ખેડૂત સશક્તિકરણ માટે સેમિનારનું આયોજન

**અગાઉના કાર્યક્રમમાં ૧૦૦ જેટલા ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિઓથી લાભ મળ્યો; બે ગામને દત્તક લઈ ખેડૂતોને ટકાઉ ખેતી તરફ પ્રેરિત કરવાનો સંકલ્પ.**




ઝાલોદ,
ખેડૂતોને ઓછા ખર્ચે આધુનિક, ટકાઉ અને વધુ ઉત્પાદન આપતી ખેતી પદ્ધતિઓથી માહિતગાર કરવા વસંત મસાલા પ્રા.લિ. દ્વારા શનિવાર, તા. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે ઝાલોદની ઈન્દ્રપ્રસ્થ સોસાયટી સ્થિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય ખાતે ખેડૂત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં નાના અને મધ્યમ ખેડૂતોને ખેતી ખર્ચ ઘટાડવા, પાણીની બચત કરવા, જમીનની ફળદ્રુપતા જાળવવા તથા ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

વસંત મસાલા પરિવાર દ્વારા આશરે પાંચ મહિના અગાઉ ઝાલોદમાં ખેડૂત સશક્તિકરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ પહેલ અંતર્ગત ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અને ખેતીની નવી પદ્ધતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. અગાઉના કાર્યક્રમના પરિણામે આશરે ૧૦૦ ખેડૂતોને લાભ મળ્યો હતો અને તેમના પાકમાં પણ સકારાત્મક પરિણામો જોવા મળ્યાં હતાં.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેતીમાં રાસાયણિક ખાતરોનો બિનજરૂરી ઉપયોગ ઘટાડવા, જમીનની ગુણવત્તા જાળવવા અને પોષણયુક્ત ધાન્યનું ઉત્પાદન વધારવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવાનો છે. સાથે જ ખેતીને વધુ ખર્ચાળ બનતી અટકાવી પાણી અને અન્ય સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે દિશામાં માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવી રહ્યું છે.

બે ગામને દત્તક લઈ ખેડૂત સશક્તિકરણનો વ્યાપ વધારવાનો સંકલ્પ : વસંત મસાલા પરિવાર દ્વારા ખેડૂત સશક્તિકરણની આ પહેલને વધુ વિસ્તૃત કરવા બે ગામને દત્તક લેવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. જેમાં મેલણિયા ગામની પસંદગી કરવામાં આવી છે અને ત્યાંના ખેડૂતો સાથે બેઠક યોજી સમન્વય સાધવામાં આવ્યો છે. બીજા ગામની પસંદગી માટે પણ ખેડૂતો સાથે સંવાદ અને માર્ગદર્શનની પ્રક્રિયા ચાલી રહી છે. ગામ નક્કી થયા બાદ તેની જાહેરાત કરવામાં આવશે.

આગામી સેમિનારના માધ્યમથી આશરે ૭૦ ખેડૂતોને માર્ગદર્શનનો લાભ મળી રહ્યો છે, જેથી તેઓ આધુનિક અને ટકાઉ ખેતી તરફ આગળ વધી શકે. વસંત મસાલા પરિવારની આ પહેલ ખેડૂતોની આવક વધારવા, ખેતી ખર્ચ ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રેરણારૂપ બની રહી છે.

વ્યવસાય અર્થે ગામની બહાર રહેવા છતાં પોતાના વતન અને ગામના વિકાસ માટે સતત પ્રયાસરત વસંત મસાલા પરિવારની આ પહેલ સરાહનીય છે. ખેડૂતોને નવીન ખેતી પદ્ધતિઓ સાથે જોડીને ગામને પ્રગતિશીલ અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આ પ્રયાસ આવકારદાયક બની રહ્યો છે.

# સંજેલી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં ભરત ચારેલનો વિજય!

સંજેલી,
બંને નવા હોદ્દેદારો શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા, શિક્ષકોના હિતોનું રક્ષણ કરવા તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સક્રિય કામગીરી કરશે તેવી શિક્ષકમિત્રોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. તાલુકા પ્રમુખ પદે ભરત ચારેલ અને પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષકોના મહામંત્રી પદે દિનેશ ભુરીયા વિજેતા, પ્રશ્નો અને હિતોને યોગ્ય મંચ પૂરૂં શિક્ષક આલમ માં ઉત્સાહનો પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે ત્યારે નવા હોદ્દેદારોના નેતૃત્વમાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘની સંગઠન શિક્ષકોના હિતમાં વધુ ચૂંટણીમાં પ્રમુખ પદે ભરત ચારેલ અસરકારક કામગીરી કરે અને અને મહામંત્રી પદે દિનેશ ભુરીયાએ શિક્ષણ ક્ષેત્રના વિકાસમાં યોગદાન વિજય મેળવ્યો છે. બંને હોદ્દેદારોની આપે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં જીતને પગલે તાલુકાના શિક્ષક આવી રહી છે. સંજેલી તાલુકા આલમમાં ઉત્સાહ નો માહોલ પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં મળી રહ્ય છે. ચૂંટણીમાં વિજયી વિજયી બનેલા બંને હોદ્દેદારોને બનેલા ભરત ચારેલ અને દિનેશ શિક્ષકમિત્રો તરફથી અભિનંદન અને ભુરીયાને શિક્ષકમિત્રો દ્વારા શુભેચ્છાઓનો પ્રવાહ જોવા મળી આદિમિનંદન પાઠવવામાં આવી રહ્યા રહ્યો છે.

# દાહોદ જીલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીના પડઘમ ૩૫૦થી વધુ પંચાયતોમાં ચૂંટણીની શકયતા

**ફેબ્રુઆરીમાં મુદત પૂર્ણ થતી પંચાયતોમાં ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ચૂંટણી યોજાવાની ચર્ચા; બેલેટ પેપર અને રાજકીય પક્ષોનાં ચૂંટણી ચિહ્નો અંગે પણ અટકળો તેજ.**

દાહોદ,
દાહોદ જીલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓને લઈને રાજકીય વર્તુળોમાં અત્યારથી જ હલચલ તેજ બની છે. જીલ્લાના ૬૩૩ ગ્રામ પંચાયતો પૈકી આશરે ૩૫૦થી વધુ પંચાયતોની મુદત આગામી ફેબ્રુઆરી મહિનામાં પૂર્ણ થતી હોવાથી ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ચૂંટણી યોજાય તેવી શક્યતાઓનેલઈનેચર્ચાઓ શરૂ થઈ છે. જોકે, ચૂંટણીની સત્તાવાર તારીખો અને પ્રક્રિયા અંગે રાજ્ય જોવાઈ રહી છે. ત્યારે આગામી પંચની જાહેરાતની રાહ ગામ પંચાયતની ચૂંટણીઓ બેલેટથી મતદાન કરનારા અનેક યુવા પેપરથી યોજાશે. જેમાં પ્રથમ વખત મતદારોને ઈવીએમના બદલે મતપત્ર દ્વારા મતદાન કરવાની અનુભવ મળી શકે છે. બીજી તરફ, ગ્રામ પંચાયતની ચૂંટણી અત્યાર સુધી બિનપક્ષીય ધોરણે યોજાતી આવી છે. ત્યારે આગામી ચૂંટણીમાં રાજકીય પક્ષોનાં ચૂંટણી ચિહ્નોનો ઉપયોગ થશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે. આ મુદ્દે સત્તાવાર નિર્ણય જાહેર ન થાય ત્યાં સુધી તેને સંભાવના તરીકે જ જોવો જરૂરી છે. એક તરફ ચૂંટણીની તૈયારીઓ અંગે ચર્ચાઓ તેજ બની રહી છે, તો બીજી તરફ ચૂંટણી સમયસર યોજાશે કે મુલતવી રહેશે તે અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. રાજકીય વિશ્લેષકોના મતે, અગાઉ પણ વિવિધ કારણોસર પંચાયતની રહ્યા છે. જોકે, આ વખતે ચૂંટણી ચૂંટણીઓમાં વિલંબ થયાના દાખલા સમયપત્રકમાં ફેરફાર થશે કે નહીં.

તે રાજ્ય ચૂંટણી પંચના નિર્ણય પર નિર્ભર રહેશે. દાહોદ જીલ્લામાં આગામી ચૂંટણીના સંદર્ભમાં વિવિધ તાલુકાઓની પંચાયતોની સંખ્યા નીચે મુજબ દર્શાવવામાં આવી છેઃ–દાહોદ–૫૯–ગરબાડા – ૨૩–ઝાલોદ – ૧૯– લીમડી – ૨૮–ફતેપુરા – ૧૪– સુખસર – ૨૦–સંજેલી – ૧૩– લીમખેડા – ૮૯–ધાનપુર–૫૦– સિંગવડ– ૩૩–દેવગઢ બારિયા – ૫૫ મળી જીલ્લાની કુલ ૩૫૦ પંચાયતોમાં ચૂંટણી ૩,૩૩૨ વોર્ડમાં ચૂંટણી યોજાવાની સંભાવના દર્શાવવામાં વોર્ડની સંખ્યાના આધારે પંચાયતોનું વર્ગીકરણ પણ રસપ્રદ છું. વિગંતો મુજબ, પંચાયતોમાં ૧૦ વોર્ડ, ૩૦ પંચાયતોમાં ૮ વોર્ડ, ૧૨૪ પંચાયતોમાં ૧૨ વોર્ડ અને દ પંચાયતોમાં ૧૨ વોર્ડ એવોનું પંચાયતું છે. જયારે ગારે મોટી પંચાયતોમાં ૧૬–૧૬ વોર્ડ નોંધાયેલા હોવાની માહિતી આપવામાં આવી છે. જેમાં ગ્રામ પંચાયતની ચૂંટણી ભલે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી હોય, પરંતુ ગામડાંના રાજકીય સમીકરણો અને આગામી તેનું મહત્વ વધી જાય છે. વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં ભારતીય જનતા પાર્ટી સહિત કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો માટે પણ આ ચૂંટણી સ્થાનિક સરેજનસમર્થન માપવાની કસોટી બની શકે છે. ગામડાંમાં સરપંચ પદના દાવેદારો અને વોર્ડ સભ્યપદના ઉમેદવારોની પસંદગીથી લઈને સ્થાનિક જુએ અને વિકાસના મુદાઓ સુધી અનેક પરિચણો શકે છે. દાહોદ જીલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને રાજકીય ચૂંટણીએ ઘરિણા જીલ્લાઓ સારા ગરમાવો વજનો ભાય કે, કુંભાણી વિશે, સુબ્રુઆથી ભાવસ કે ચૂંટણી પ્રક્રિયામાં કોઈ ફેરફાર થશે અંગે હાલ અનિશ્ચિતતા.

હવે રાજય ચૂંટણી પંચની સત્તાવાર જાહેરાત બાદ જ ચૂંટલીનું ચિત્ર સ્પષ્ટ થશે ગામડાંમાં આગામી સમયમાં રાજકીય ગતિવિધઓ વધુ તેજ બને તેવી શકયતા છે. આ ચૂંટણીમાં કયો સરપંચ અને વોર્ડ સભ્યપદ માટે પણ કયા સ્થાયિક માં આ હતા ચૂંટણીના કવિયા માં પરિણામો આપશે..

# દે. બારીયા શહેર અને પંથકના ઝોલા છાપ અને સરકારી હોસ્પિટલોના ગુલ્લેબાજ ભ્રષ્ટ ડાંકટરોનું કોણ ઓપરેશન કરશે ???

દે.બારીયા,
દે. બારીયા શહેરના સરકારી સબ હોસ્પિટલના હાલમાં નવશીખીયા ડાંકટરોને ગુલ્લા મારવાના એવજ તેમના પાસેથી સુપ્રિટેન્ડન્ટ મેમણના દ્વારા ૮ જેટલા નિશાળીયા ડાંકટરો પાસેથી માત્ર ચાલીશ હજાર જેવી નજીવી રકમ લાંચના કેસમાં પકડાતા તેઓ હાલમાં જેલના સળીયા પાછળ છે. જયારે આજે સબ હોસ્પિટલમાં ઓપરેશન કરનારા પ્રખ્યાત અને નામાંકીત ડાંકટર એક પેશન્ટના પેંટે ૧૨ થી ૧૫ હજાર રૂપીયા લાંચ લેતા હોય છે. તે પણ ઓપરેશન થીયેટરમાં લાંચના નાણાં સ્વીકારે છે. તેવું આમ જનતામાં ચર્ચાનો વિષય બનવા પામ્યું છે. તેઓએ અઢળક સંપતિ ઉભી ક્રી લીધી છે. તેમ છતાં તેઓ હાલમાં કોન્ટ્રાકટ બેજ ઉપર પોતાની ફરજમાં પાર્ટટાઈમ તરીકે એકશનને મળી ચુકયું છે. કોની રહેમનજરે તે તપાસનો વિષય છે. તેમને એક જ જગ્યાએ આખી નોકરી પુરી કરી લીધી જીલ્લા અને તાલુકાના આરોગ્ય અધિકારીઓની રહેમનજરે આ તમામ ભ્રષ્ટાચારીઓ મેળાપીપણા કરી પંથકની આમ ગરીબ જનતાને લુંટી છે તો તેમની ખાતાકીય તપાસ કરવામાં આવે તો આવક કરતા વધારે પ્રોપર્ટી સામે આવે તેવી વકી છે, પરંતુ નિષ્પક્ષ અને સહેશરમ વગર તટસ્થ તપાસ કરાશે તો જ આમ ગરીબોને ન્યાય મળી શકશે તેમાં શંકા નથી.

જયારે શહેરમાં અને ગ્રામ્યમાં ખાસ ક્રીને ઝોલાછાપ ડીગ્રી વગરના ડાંકટરો પ્રેકટીસ કરી રહ્યા છે. કોની નાકના તળે તાલુકાના આરોગ્ય અધિકારીની રહેમનજરે પ્રેકટીશ કરે છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે અને ડ્રગ્સ વિભાગને પણ આનો વહેવાર પહોંચતો હશે ? તો જ આંખ આડા કાન કરાય છે. ગામડાઓમાં ગરીબ પ્રજાના આરોગ્ય સાથે ચેડા આ નકલી ઝોલાછાપ ડાંકટરોનું આતંક કયાં સુધી ચલાવાશે આવા નકલી કલીનીકો ૨૦ થી ૨૫ વર્ષના સમયથી પ્રેકટીસ કરે છે. એલોપેથીકને ઈન્જેકશન આપવાની પરવાનગી નથી પરંતુ અહીં તો ૫ થી ૧૦ બેડ ગોઠવીને બોટલ પણ ચડાવવામાં આવે છે. કોની રહેમનજરે સાથે સાથે હોમીયોપેથીક દવાઓનો જથ્થો પણ સ્ટોકમાં રાખતા ગભરાતા નથી તે શું સુચવે છે ? ગરીબ દર્દીઓના જીવન સાથે ખેલવાડ કરવા પાછળ કોણ જવાબદાર છે. જીલ્લા અને તાલુકાના જવાબદાર આરોગ્યના અધિકારીઓ આટલી છુટ કેમ આપી રહ્યા છે. તે મોટો સવાલ છે. આરોગ્ય વિભાગ અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ કયારે કુંભકર્ણની નિંદ્રા માંથી જાગશે તે આવનારો સમય બતાવશે. ૧૯૬૩ના કાયદાઓમાં માત્ર ૫૦૦/– રૂપીયાનો દંડ કરીને છટક બારી માંથી છટકી જાય છે. તેઓના માટે કડક કાયદા બનાવવા પડશે. ઓછામાં ઓછી પાંચ થી દશ વર્ષની કેદ થાય તો જ આવા નકલી અને ઝોલાછાપ ડાંકટરોનું ઓપરેશન કાયમી થઈ શકશે. તેમા બે મત નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.56

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# વેજલપુર થી મદીના પ્રવાસે ગયેલ મન્સુરી પરિવાર રૂા.૧.૦૫ લાખ વધારે ખર્ચી ૪૮ કલાક બાદ પરત ફર્યા

ગોધરા,

સાઉદી અરેબિયામાં હૂતી બળવાખોરોના વધતા જતાં મિસાઈલ અને ડ્રોન હુમલાને કારણે હવાઈ સેવાઓ ખોરવાઈ જતાં વૈશ્વિક સ્તરે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. સુરક્ષાના કારણોસર અકાસા એરલાઈન્સ સહિત અનેક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ થતાં હજારો યાત્રિકો અટવાયા છે.

આ ગંભીર સ્થિતિ વચ્ચે પંચમહાલ જીલ્લાના વેજલપુર ગામના દીવાન ફળિયામાં રહેતો મન્સૂરી પરિવાર ૪૮ કલાકની સતત અને કપરી મુસાફરી કરીને સલામત રીતે વતન પરત ફર્યો છે.

ખાનગી ટૂર્સ મારફતે રાજ્યમાંથી વડોદરા ખાતેથી કુલ ૫૪ લોકો ૧૫ દિવસની ઉમરાહ યાત્રા અર્થે સાઉદી અરેબિયા ગયા હતા. જેમાં વેજલપુરના ઈલ્યાસભાઈ મન્સૂરી, ૩ મહિલાઓ અને ૨ પુરૂષો સહિત પરિવારના ૫ સભ્યો સામેલ હતા. પરત ફરવાના સમયે જ હૂતી હુમલાઓને કારણે સાઉદીના મુખ્ય એરપોર્ટ અને અકાસા એરલાઈન્સની



સેવાઓ અચાનક ઠપ્પ થઈ ગઈ હતી.

૧૨ કલાકની બસ મુસાફરી અને અટવાઈ પડેલા મન્સૂરી પરિવારે હિંમત ન હારી મદીનાથી ૭૫૦ કિલોમીટર દૂર આવેલા ટબુક શહેર સુધી ૧૨ કલાક બસમાં સતત મુસાફરી કરી હતી.

ત્યાંથી તેમણે એર અરેબિયાની ફ્લાઈટ પકડી શારજાહ (દુબઈ) થઈ અમદાવાદ પહોંચ્યા હતા. કટોકટીના કારણે ઈમરજન્સી ટિકિટ લેતાં વ્યક્તિ દીઠ રૂ. ૨૧,૦૦૦ લેખે કુલ રૂ. ૧,૦૫,૦૦૦ નો વધારાનો નાણાકીય બોજ સહન કરવો પડ્યો હતો.અને સહી સલામત ભારત પરત ફર્યા હતા.

> રાહતનો શ્વાસ લીધો છેએરલાઈન્સ બંધ થતાં પરિવાર સાથે સુરક્ષિત બહાર નીકળવું મોટો પડકાર હતો. સતત ૪૮ કલાકની અવિરત મુસાફરી બાદ ભારતમાં પગ મૂકતાં જ અમે રાહતનો શ્વાસ લીધો છે.
> ઈલ્યાસ મન્સૂરી, યાત્રાળુ, વેજલપુર.

# ગોધરાના બામરોલી રોડ પુજન સોસાયટીના જાહેર માર્ગ પર ભુગર્ભ ગટરનુ ગંદુ પાણી જાહેરમાં ઠલવાતા ગંદકી

ગોધરા,

ગોધરા શહેરના બામરોલી રોડ પર આવેલી પુજન સોસાયટીમાં જાહેર માર્ગ પર ગંદકી ફેલાતા પાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. સોસાયટી વિસ્તારમાં ભુગર્ભ ગટરના ડબકનુ ગંદુ પાણી જાહેર માર્ગ પર ખાલી કરતા સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગોધરાના બામરોલી રોડ પર આવેલી પુજન સોસાયટી વિસ્તારમાં ભુગર્ભ ગટરના ડબકનુ ગંદુ પાણી રસ્તા પર ઠાલવતા જાહેર માર્ગ પર ગંદકી ફેલાઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક રહિશોમાં નારાજગી જોવા મળી રહી છે. શહેરની સ્વચ્છતાં જાળવવાની જવાબદારી ધરાવતા તંત્રની કામગીરી વચ્ચે આ પ્રકારની બેદરકારી સામે આવતા નાગરિકોમાં અનેક સવાલો ઉભા થયા છે. સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા કામગીરી દરમિયાન જરૂરી તકેદારી રાખી હતી...? અને જો જાહેર માર્ગ પર ગંદકી ફેલાય હોય તો જવાબદાર સામે કાર્યવાહી કરવાની જવાબદારી પાલિકા તંત્રની નથી આવા સવાલો વચ્ચે પાલિકાના સંબંધિત વિભાગની દેખરેખ અને કોન્ટ્રાકટરની કામગીરી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

# પંચમહાલ જીલ્લામાં ૧૫ વર્ષ જૂના વાહનો કન્ડમ ન જાહેર કરતા સરકારી તિજોરીને આર્થિક નુકસાન



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ૧૫ વર્ષથી જૂના ૫૪ સરકારી વાહનનું સ્ક્રેપિંગ બાકી છે. આરટીઓ વિભાગે જાણ કરવા છતાં સંબંધિત વિભાગો કાર્યવાહી નથી કરી રહ્યા. આનાથી સરકારી તિજોરીને આર્થિક નુકસાન થવાની શક્યતા છે.

રાજ્યના પરિપત્ર મુજબ, ૧૫ વર્ષથી જૂના સરકારી વાહનોનો ઉપયોગ કરી શકાતો નથી. તેમને સ્ક્રેપ કરવા ફરજીયાત છે. કુલ ૩૦૭ વાહનમાંથી ૨૫૩નો નિકાલ થયો, ૫૪ની પ્રક્રિયા બાકી છે. આ વાહનો સરકારી સંકુલમાં ધૂળ ખાઈ રહ્યા છે.

ગોધરાના RTO અધિકારી કુણાલ પંચાલના જણાવ્યા મુજબ, BSNL, ITI, ફૂડ એન્ડ ડ્રગ્સ, મત્સ્યઉદ્યોગ અને ખેતીવાડી શાખા સહિત ૫૪ વિભાગોને વાહનો ડિસ્પોઝ કરવા પત્ર લખાયો છે. BSNL અને ફૂડ એન્ડ ડ્રગ વિભાગે મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની વાત કરી.

જોકે, જીલ્લા ખેતીવાડી અધિકારી મુકેશભાઈ પટેલે RTOના પત્ર બાદ તેમના વિભાગના બંને વાહનોની ઓનલાઈન હરાજી પ્રક્રિયા પૂર્ણ કરી દીધી છે.

# પાવાગઢમાં પૂનમ અને રવિવારની રજાને લઈ ભક્તોની ભારે ભીડ



હાલોલ,

પંચમહાલ જીલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. રવિવાર અને પૂનમનો પવિત્ર સંયોગ હોવાથી મોટી સંખ્યામાં ભક્તો મા મહાકાળીના દર્શન કરવા પહોંચ્યા હતા. મંદિરના દ્વાર ખુલતાની સાથે જ યાત્રિકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. જેના કારણે સમગ્ર મંદિર પરિસરમાં અત્યંત ભક્તિમય અને ઉત્સાહસભર માહોલ સર્જાયો હતો.

મંગળા આરતીમાં શ્રદ્ધાળુઓએ લીધો લાભ આજે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો મંગળા આરતીમાં ભાગ લેવા પહોંચી ગયા હતા. શ્રદ્ધાળુઓએ મા મહાકાળીના દર્શન કરીને પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે આશીર્વાદ મેળવ્યા હતા. સામાન્ય દિવસો કરતા રવિવાર અને પૂનમ ભેગા થવાથી યાત્રિકોની અવરજવરમાં મોટો વધારો નોંધાયો હતો. મંદિર પરિસર તેમજ દર્શન માર્ગો પર આખો દિવસ ભક્તોની ભારે ચહલપહલ જોવા મળી હતી.

સુરક્ષા વ્યવસ્થા અને આવતીકાલનું આયોજન યાત્રિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભક્તો શાંતિપૂર્ણ માહોલમાં દર્શન કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. આવતીકાલે પણ પૂનમની તિથિ હોવાથી પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા છે. આથી સતત બે દિવસ સુધી પાવાગઢમાં ભક્તોનો ભારે જમાવડો જોવા મળશે.

# શહેરા અલ અમીન સ્કૂલમાં સર્વે સમાજના આગેવાનોની ઉપસ્થિતિ વચ્ચે રકતદાન કેમ્પ યોજાયો હતો

શહેરા અલ અમીન સ્કૂલમાં ઉમ્મીદ ગ્રુપ દ્વારા સાતમો રક્તદાન કેમ્પ યોજાયોઃ સર્વે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિથી સામાજીક સમરસતાનો માહોલ સર્જાયો.



શહેરા,

શહેરા અલ અમીન સ્કૂલમાં ઉમ્મીદ ગ્રુપ દ્વારા ૭મા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેકટર એચ.વી. સિસારાના હસ્તે ખુલ્લા મુકાયેલા આ કેમ્પમાં સર્વે સમાજના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેના કારણે સમગ્ર પરિસરમાં સામાજીક એકતા અને સમરસતાનો માહોલ જોવા મળ્યો હતો.શહેરામાં સામાજીક સેવામાં હંમેશાં અગ્રેસર રહેતા ઉમ્મીદ ગ્રુપ દ્વારા અલ અમીન સ્કૂલમાં સાતમી વખત ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉપસ્થિત પી.આઈ. એચ.વી. સિસારા તેમજ સર્વે સમાજના અગ્રણીઓનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.માનવ સેવાનો ઉમદા સંદેશ આપતા આ બ્લડ ડોનેશન કેમ્પનું વિધિવત ઉદઘાટન શહેરાના પોલીસ ઈન્સ્પેકટર એચ.વી. સિસારાના વરદ હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું. કેમ્પની શરૂઆત કરાવતા પી.આઈ. એચ.વી.સિસારાએ ઉમ્મીદ ગ્રુપના યુવાનોની સામાજીક જવાબદારી અને સેવાકીય ભાવનાને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, રક્તદાન એ જ મહાદાન છે અને યુવાનો દ્વારા કરાતી આવી પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણાદાયી છે.કેમ્પ દરમિયાન નગરના યુવાનો, નાગરિકો અને રક્તદાતાઓમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ સ્વેચ્છાએ આગળ આવીને રક્તદાન કર્યું હતું. આ કેમ્પની વિશેષતા એ રહી કે, તેમાં માત્ર યુવાનો જ નહીં પરંતુ શહેરા નગરના સર્વે સમાજના અગ્રણીઓ પણ વિશેષ રૂપથી ઉપસ્થિત રહ્યા હતા. સર્વે સમાજના આગેવાનોની હાજરીમાં સામાજીક એકતા અને સમરસતાનો ઉત્તમ માહોલ જોવા મળી રહ્યો હતો.આજના સમયમાં જ્યારે રક્તની જરૂરિયાત સતત રહેતી હોય છે, ત્યારે ઉમ્મીદ ગ્રુપનો આ ૭મો રક્તદાન કેમ્પ અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થનાર છે. યુવાનોની આ પહલને સમગ્ર શહેરા નગરમાં બિરદાવવામાં આવી રહી છે.

# કાલોલના ડો. સુનિલ પરમારનું સનકિડની સ્ટોનના દર્દીઓની સારવાર પ્રત્યેના યોગદાન બદલ BASKON GROUP દ્વારા Certificate of Excellence એનાયત



કાલોલ,

મધવાસ ચોકડી, કાલોલ ખાતે આવેલી જય નારાયણ હોસ્પિટલના ડો. સુનિલ પરમારને હોમિયોપેથી ક્ષેત્રમાં યોગદાન અને કિડની સ્ટોનના દર્દીઓની સારવાર પ્રત્યેની પ્રતિબદ્ધતાને બિરદાવતાં BASKON GROUP Üpfp Certificate of Excellence એનાયત કરવામાં આવ્યું છે.

આ પ્રમાણપત્રમાં ડો. પરમારની હોમિયોપેથી ક્ષેત્રે સેવા, સમર્પણ અને દર્દીઓ પ્રત્યેની કાળજીની પ્રશંસા કરવામાં આવી છે. આ સન્માન તબીબી ક્ષેત્રમાં સતત કાર્ય કરવા માટે પ્રેરણારૂપ બનશે.

ડો. સુનિલ પરમાર જય નારાયણ હોસ્પિટલ, મધવાસ ચોકડી, કાલોલ, પંચમહાલ ખાતે પોતાની તબીબી સેવાઓ આપી રહ્યા છે.

# વડોદરા ખાતે દેલોલ મિત્ર મંડળ દ્વારા શરદ પૂર્ણિમા ઉત્સવઃ ગીત-સંગીતની રમઝટ અને દૂધ-પૌઆના આસ્વાદ સાથે ઉજવણી

કાલોલ,

વડોદરા શહેરમાં છેલ્લા ૨૬ વર્ષથી સક્રિય દેલોલ મિત્ર મંડળ દ્વારા કમાટીબાગ ખાતે શરદ પૂર્ણિમા નિમિત્તે વાર્ષિક ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંડળ દ્વારા વર્ષમાં બે મુખ્ય પ્રોગ્રામો યોજવામાં આવે છે, જેમાં શરદ પૂર્ણિમાનો આ ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે.આ આનંદોત્સવમાં દેલોલ ગામના મોટી સંખ્યામાં વતનીઓ અને પરિવારજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ખાસ વિશેષતા એ રહી કે ઉપસ્થિત સૌએ મધુર ગીત–સંગીતના કાર્યક્રમની સાથે અદભુત મનોરંજન માણ્યું હતું. આ સાથે જ, મંડળમાં જોડાયેલા નવા સભ્યોએ પોતાનો પરિચય આપીને સૌની સાથે હૂંફાળો પરિચય કેળવ્યો હતો.સૌએ સાથે મળીને શરદ પૂર્ણિમાની ચાંદની રાતમાં પરંપરાગત રીતે દૂધ–પૌઆનો આસ્વાદ માણ્યો હતો અને અરસપરસ આનંદ–ઉત્સવ મનાવ્યો હતો. આ મિલન સમારોહથી ઉપસ્થિત વતનીઓમાં પરસ્પર પ્રેમ, ભાઈચારો અને ઉત્સાહનો અદભુત માહોલ જોવા મળ્યો હતો.

# શ્રી દશાલાડ સમાજ ટ્રસ્ટ, કાલોલ, વડોદરા દ્વારા શરદપૂર્ણિમા નિમિત્તે ભવ્ય ગરબા મહોત્સવ અને હાઉસિ પ્રોગ્રામ સંપન્ન



કાલોલ,

શનિવારના રોજ શ્રી દશાલાડ સમાજ ટ્રસ્ટ, કાલોલ, વડોદરા દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે કારેલીબાગ સ્થિત દાજી બ્રહ્મભટ્ટ છાત્રાલય (જીવનભારતી સ્કૂલની સામે, આર્યકન્યા રોડ) ખાતે ભવ્ય ગરબા મહોત્સવ તથા હાઉસિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન દીપકભાઈ દ્વારા હાઉસિંગ પ્રોગ્રામ યોજાયો હતો અને આમંત્રિત મહેમાનો અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૬:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન મલ્હાર કલાવૃંદ દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગરબા મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર સ્પર્ધકને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ ઈનામ આપવામાં આવ્યું હતું. અંતે રાત્રે ૯:૦૦ કલાકે યમુના મહારાણીજીની આરતી સાથે આ આનંદોત્સવની પૂર્ણાહુતિ ભોજન સમારોહ બાદ થઈ હતી. સમારોહને સફળ બનાવવા માટે કમિટી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# શહેરાના પરવડી વિસ્તારમાં આવેલ અંબે માઁના મંદિરે શરદ પૂનમે નવચંડી યજ્ઞ યોજાયો



શહેરા,

શહેરા નગરમાં આવેલ પરવડી વિસ્તારમાં આવેલા અંબે માઁના મંદિરે શરદ પૂનમ નિમિત્તે ભક્તિસભર માહોલમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.દર્શનનો લાભ લઈ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

શહેરા નગરમાં આવેલ પરવડી વિસ્તાર સ્થિત અંબે માઁ ના મંદિર ખાતે શરદ પૂનમની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ શરદ પૂનમના પાવન પર્વે માતાજીના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની અવરજવર જોવા મળી હતી અને દર્શનનો લાભ લઈ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.માઁ ના મનોરમ્ય સ્વરૂપના દર્શન કરી ભક્તોએ પોતાના પરિવારની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.માતાજીના સાનિધ્યમાં ભૂદેવોના વેદોક્ત મંત્રોચ્ચાર સાથે નવચંડી યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વાતાવરણ માઁ અંબાના જયઘોષ અને વૈદિક મંત્રોના નાદથી ગુંજી ઉઠ્યું હતું.બપોરના સમયે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ માતાજીની આરતી ના લ્હાવો ભક્તોએ લીધો હતો. આ નિમિત્તે મંદિર પરિસરને રોશની અને ફૂલોથી આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. યજ્ઞ અને દર્શન બાદ ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કરીને માઁ નો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો.

# ગોધરાના ભામૈયા ચોકડી નજીકથી લીથના રેતીયો સાપનું રેસ્કયુ કરાયું



ગોધરા,

પંચમહાલના ગોધરામાં ભાગ્યે જ જોવા મળતા 'લીથના રેતીયા સાપ'ની નોંધ કરવામાં આવી છે. ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ભામૈયા ચોકડી નજીક રેસ્કયુ દરમિયાન આ સાપ મળી આવ્યો હતો. 'વોઈસ ઓફ નેચર ફાઉન્ડેશન'ના પ્રમુખ અને વાઈલ્ડલાઈફ રેસ્કયુઅર શાહબાઝ શેખ દ્વારા સાપનું સફળ રેસ્ક્યુ કરી તેની ઓળખ અને દસ્તાવેજીકરણની કામગીરી કરવામાં આવી હતી.

ગોધરાના ભામૈયા ચોકડી વિસ્તારમાંથી દુર્લભ ગણાતી 'લીથના રેતીયા સાપ'ની પ્રજાતિ મળી આવી છે, જે સ્થાનિક જૈવવિવિધતાની દ્રષ્ટિએ નોંધપાત્ર છે.

રેસ્કયુ કર્યા બાદ સાપના ફોટોગ્રાફ્સ લેવામાં આવ્યા હતા અને તેની ચોક્કસ ઓળખ માટે જરૂરી તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ તેને કોઈપણ નુકસાન પહોંચાડ્યા વિના યોગ્ય કુદરતી વસવાટમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

વોઈસ ઓફ નેચર ફાઉન્ડેશનના પ્રમુખ શાહબાઝ શેખના જણાવ્યા અનુસાર, આ પ્રકારની નોંધો સરીસૃપોની પ્રજાતિઓ અને તેમના વસવાટ અંગે વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે. ગોધરા આસપાસનાં સૂકાં ઝાડી–ઝાંખરાં અને ઘાસિયા મેદાનો પણ વન્યજીવોની સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.સંસ્થા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, કોઈપણ જગ્યાએ સાપ જોવા મળે ત્યારે તેને હાનિ પહોંચાડીને કે મારી નાખવાને બદલે તાત્કાલિક વન વિભાગ અથવા તાલીમબદ્ધ રેસ્ક્યુઅરનો સંપર્ક કરવો જોઈએ, જેથી મૂગા જીવોની સાથે માનવ સુરક્ષા પણ જળવાઈ રહે.

# કાલોલના અલાલી ગામેથી રૂા.૧૬,૬૪૮ નો ગેરકાયદેસર વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપાયોઃ એકની અટકાયત, મુખ્ય આરોપી ફરાર

કાલોલ,

પંચમહાલ જીલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા અલાલી ગામે પોલીસે દારૂના ગેરકાયદેસર વેચાણ પર દરોડો પાડી રૂા.૧૬,૬૪૮ ની કિંમતનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો જપ્ત કર્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે એક આરોપીની સ્થળ પરથી ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી પોલીસને જોઈને ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી દર્શનસિંહ યોગેન્દ્રસિંહ અને તેમની ટીમ ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, અલાલી ગામના મોટા ફળીયામાં રહેતો હિતેશકુમાર મહેન્દ્રભાઈ પરમાર બહારથી વિદેશી દારૂ લાવીને તેના માસા રમણસિંહ અનોપસિંહ જાદવના ઘરે સંતાડી રાખે છે અને ત્યાંથી છૂટકમાં દારૂનું વેચાણ કરે છે.બાતમીના આધારે પોલીસે બે સ્વતંત્ર પંચોને સાથે રાખી અલાલી ગામે વાય ફળીયામાં આવેલા રમણસિંહ જાદવના રહેણાંક ઘરમાં દરોડો પાડ્યો હતો.ઘરમાં તપાસ કરતા ખાટલા પાછળથી ખાખી પૂઠ્ઠાના બોક્સ મળી આવ્યા હતા. તેની ચકાસણી કરતા નીચે મુજબનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતોઃ

ટ્યુબોર્ગ પ્રીમિયમ સ્ટ્રોંગ બીયર (500 ml)ઃ ૨૪ ટીન (કિંમત રૂા.૩,૪૮૦), કિંગફિશર રીગલ સ્ટ્રોંગ બીયર (500 ml)ઃ ૧૦ ટીન (કિંમત રૂા.૧,૪૦૦), આર.જે. ગ્રીન સ્પેશિયલ વ્હિસ્કી (180 ml)ઃ ૯૬ ક્વાટરીયા (કિંમત રૂા.૮,૬૪૦), ઓરેન્જ VDL દેશી મદીરા (180 ml)ઃ ૪૬ ક્વાટરીયા (કિંમત રૂા.૩,૧૨૮) કુલ મળીને પોલીસે ૩૪ નંગ બીયર (કિંમત રૂા.૪,૮૮૦) અને ૧૪૨ નંગ ક્વાટરીયા (કિંમત રૂા.૧૧,૭૬૮) એમ મળીને કુલ રૂા.૧૬,૬૪૮ નો પ્રોહીબિશન મુદ્દામાલ કબ્જે કર્યો છે. તમામ બોક્સ પર 'For Sale in Rajasthan Only' લખેલું મળી આવ્યું હતું.

દરોડા દરમિયાન ઘરમાં હાજર મળી આવેલા રમણસિંહ અનોપસિંહ જાદવ પાસે દારૂ રાખવા માટેનું કોઈ પાસ કે પરમિટ ન હોવાનું જણાયું હતું. પૂછપરછમાં તેમણે કબૂલ્યું હતું કે, આ દારૂનો જથ્થો તેમનો ભાણો હિતેશકુમાર પરમાર મુકી ગયો હતો અને વેચાણ માટે લઈ જતો હતો. પોલીસે રમણસિંહ જાદવની સ્થળ પરથી અટકાયત કરી છે, જ્યારે હિતેશકુમાર પરમાર હાજર મળી આવ્યો ન હતો. વેજલપુર પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી) અને ૮૧ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# ગોધરા તાલુકાના સામલી ગામની ૩૫ વર્ષીય મહિલાએ ઝેરી દવા પી આપઘાત કર્યો

ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામે પ્રેમસંબંધમાં વિવાદ થતા એક ૩૫ વર્ષીય વિધવા મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કર્યો છે. આ મામલે પોલીસે ગામના જ એક યુવક સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

મૃતક મીનાબેન પરમાર (૩૫)નો ગામના સુરેશ રાઉલજી સાથે છેલ્લા ૮ વર્ષથી પ્રેમસંબંધ હતો. સુરેશે લગ્ન કરવાની ના પાડતા મીનાબેન આઘાતમાં આવી ગયા હતા.

આ પછી મીનાબેને ગોધરાના અમૂલ પાર્લર નજીક ઝેરી દવા પી લીધી હતી. પરિજનો તેમને ગોધરા સિવિલ હોસ્પિટલ લઈ ગયા, જ્યાં શનિવારે તેમનું મોત થયું.

મહિલાના આપઘાત બાદ પરિજનોએ સુરેશ રાઉલજી સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. પોલીસે સુરેશ બાબુભાઈ રાઉલજી વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.